જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૧/૨૦૧૪ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૬૨/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી ૧૦૩ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઇગ્લીશ દારૂ અને ૨૪ બિયર ટીન કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૬૩/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૭૬૪/૧૪**

**રાણીપ :** પ્રહલાદભાઇ ચુંથાજી વાઘેલા (ઉ.વ.૫૨)(રહે.ઠાકોરવાસ, ગાંધીઆશ્રમ પાસે, રાણીપ) એ તા.૯/૧૧/૧૪ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૧૧/૧૪ બપોરનાં ૪/૦૦ વાગ્યાનાં સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી પુજાબહેન વાઘેલા (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.બી.પટેલ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૭૬૫/૧૪**

**કાગડાપીઠ :** નારાયણભાઇ ડુંગરભાઇ દવે (રહે.ક્વાટર રોડ નં.૩, જૈનુદીન કંપાઉન્ડ, પારસી ચાલ, બોરીવલ્લી, મુંબઇ) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૧/૧૪ નાં કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે ગીતામંદિર, એસ.ટી.સ્ટેન્ડ વિભાગ-૬ ખાતેની એસ.ટી.બસની છાજલીમાં મુકેલ નારાયણભાઇની બેગ કે જેમાં મંગળસુત્ર, ત્રણ બંગડીઓ, સોનાની વિંટી અને રોકડ રૂપિયા ૭૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૭,૫૦૦/- ની મતા હતી, જે બેગની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એમ.મકવાણા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૭૬૬/૧૪**

**માધવપુરા :** લુફતોર લહીતભાઇ પઠાણ (રહે.ગામઃ અગવાનપુર, તા.જી.મુરાદાબાદ, ઉત્તરપ્રદેશ) (હાલ રહે. શ્યામ નોટબુકનાં કારખાના, ગીરધરનગર બ્રીજ નીચે, ઇદગાહ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૧૧/૧૪ બપોરના 3/30 વાગ્યાના સુમારે ઇદગાહ સર્કલ સીટી સેન્ટર સામે રોડ ઉપર પોતાના વતનનાં મિત્ર સહાદતઅલી રાહતઅલી પઠાણ(ઉ.વ.૨૩) સાથે ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન ટ્રક નંબર એચ.આર.૫૫.એલ.૬૪૬૭ ના ચાલકે પોતાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી મિત્ર સહાદતઅલીને ટક્કર મારતાં, ગંભીર ઈજાઓ થતા સહાદતઅલીનું ઘટના સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યું છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એફ.વસાવા ચલાવે છે.

**કરંટ લાગતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૭૬૭/૧૪**

**ચાંદખેડા :** મુકેશકુમાર શેરબહાદુર યાદવ (ઉ.વ.૨૦)(રહે.મહાલક્ષ્મી ડેરીમાં, વિશ્વકર્મા મંદિર પાસે, વિસત ગાંધીનગર હાઇ-વે, ચાંદખેડા) તા.૦૮/૧૧/૨૦૧૪ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે મહાલક્ષ્મી ડેરીમાં નોકરી ઉપર હતા દરમ્યાન ચીઝનો ભરેલ ફર્મો મશીન ઉપર મુકવા જતાં લપસી જતાં ફર્મો મશીનનાં વાયર ઉપર પડતાં વાયર કપાઇ જતાં મુકેશકુમારને કરંટ લાગતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજનાં ૭/૩૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશભાઇ મગનભાઇ ચલાવે છે.

**અગાસીમાંથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૭૬૮/૧૪**

**દરીયાપુર :** નિર્મળાબહેન ધનસિંગ લોધા (ઉ.વ.૫૬) તા.૦૯/૧૧/૨૦૧૪ બપોરના ૧૨/૩૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે કપડાં સુકવવા જતાં અગાસીમાંથી પડી જતાં માથાનાં ભાગે ગંભીર ઇજાઓ થતાં નિર્મળાબહેનને સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં લઇ જતાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૭૬૯/૧૪**

**સોલા હાઇકોર્ટ :** શારદાબહેન શકરાજી ઠાકોર (ઉ.વ.૪૦)(રહે.આથમણો ઠાકોરવાસ, સોલા ગામ, સોલા) એ તા.૦૯/૧૧/૨૦૧૪ બપોરના ૨/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પોતે અસ્થીર મગજનાં હોઇ, પોતાના શરીરે કેરોસીન છાંટી સળગી જતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ લાવતાં સારવાર દરમ્યાન સાંજનાં ૬/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.વાઢેર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.